કાર્યવાહી માટે સંબંધિત અધિકારીની સમક્ષ તેમના વતી રજૂઆત કરશે અને આગળની કાર્યવાહી કરશે.

## કાનૂની સેવા ક્લિનિક :–

- ♣ રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ રાજયના દરેક જિલ્લામાં કાનૂની સેવા ક્લિનિકની સ્થાપના દરેક કિશોર ન્યાય બોર્ડ તથા બાળ કલ્યાણ સમિતિમાં કરશે.
- ♣ કાનૂની સેવા ક્લિનિક શરૂ થયા બાબતે તથા ક્લિનિકોના સરનામા અને ટેલિફોન નંબર અંગેની જાણકારી દરેક સરકારી સ્વરાજ સંસ્થાઓ, વિભાગો જેમાં પોલીસ બિન સરકારી સંસ્થાઓ પણ સામેલ છે તેમને કરવામાં આવશે.
- ♣ આવા કાનૂની સેવા ક્લિનિકોમાં પી.એલ.વી.ને સાંકળવામાં આવશે.
- ♣ રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ રાજય, જિલ્લા તથા તાલુકા સ્તર પર પોતાના બધા કાર્યાલયોમાં ટેલીફોન નંબર અને ક્લિનિકની અન્ય સૂચના પ્રદર્શિત કરશે.
- ♣ સ્થપાયેલ કાનૂની સેવા ક્લિનિક, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (કાનૂની સહાયતા ક્લિનિક) વિનિયમન, ૨૦૧૧ ની જોગવાઈ મુજબ તેમના કાર્યો, આધારભૂત સુવિધાઓ, રેકોર્ડ અને રજીસ્ટરની સારસંભાળ, પેનલ વકીલશ્રીઓની મુલાકાત, પી.એલ.વી.ની નિયુક્તિ તથા એવા ક્લિનિકો પર નિયંત્રણ કરવામાં આવશે.
- ♣ બધા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પ્રાચાર્યના સહયોગથી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નિયંત્રણ હેઠળ જિલ્લાની દરેક શાળામાં કાનૂની સાક્ષરતા કલબની સ્થાપના કરશે.

## રાજય કાનૂની સેવા સત્તા મંડળની ભૂમિકા :–

- ♣ કાનૂની જરૂરીયાત પુરી કરવા માટે રાજય કાનૂની સેવા સત્તા મંડળ, વકીલશ્રીઓની એક પ્રશિક્ષિત અને પ્રતિબધ્ધ પેનલ રચશે જે બાળકો / કિશોરોને બધા મંચો અર્થાત કિશોર ન્યાય પરિષદો, બાળ કલ્યાણ સમિતિઓમાં તેમનું પ્રતિનિધિત્વ કરે જેથી તેમને જમીની સ્તર પર સાર્થક તથા પ્રભાવી કાનૂની સેવાઓ મળી શકે.
- ♣ રાજય સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે બાળકો અથવા કિશોરોને આપેલ વિવિધ સેવાઓ શ્રેષ્ઠતમ હોય જેના માટે કિશોર ન્યાય પરિષદ અને બાળ કલ્યાણ સમિતિમાં સક્ષમ અને સમર્પિત વકીલશ્રીઓની પેનલ હોય.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ પેનલ વકીલશ્રીના કાર્યોનું નિરીક્ષણ કરશે અને આકસ્મિક નિરીક્ષણ કરશે.
- ♣ પેનલ વકીલશ્રીને તેમનું મહેનતાણું, તેઓએ કરેલ કાર્યનો રીપોર્ટ જે કિશોર ન્યાય પરિષદ અથવા બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ થયા બાદ આવી સમિતિ કે પરિષદ ધ્વારા પ્રતિ હસ્તાક્ષરના આધારે આપવામાં આવશે.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ, લિગલ ઓફિસરશ્રી, સરકારી વકીલશ્રી તથા કિશોર ન્યાય પરિષદો તથા બાળ કલ્યાણ સમિતિઓમાં સ્થાપિત કાનૂની સેવા ક્લિનિક વચ્ચેના સંકલનને સુનિશ્ચિત કરશે જેથી દરેક બાળકને કાનૂની પ્રતિનિધિત્વ મળે અને નિઃશુલ્ક કાનૂની સહાયતા અને અન્ય જરૂરી મદદ મળે.

## કાનૂની જાગૃતિ :–

- ♣ બધા રાજય કાનૂની સેવા સત્તા મંડળ, નાના પુસ્તકો/ચોપાનીયા, બાળકોના અધિકારો સંબંધિત ઉપલબ્ધ યોજનાઓની જાણકારીયુકત કાનૂની સેવા પુસ્તિકા છાપશે અને આવું સાહિત્ય સ્વાગત કક્ષો, કાનૂની સેવા ક્લિનિકો, કિશોર ન્યાય પરિષદો, બાળ કલ્યાણ સમિતિઓ પોલીસ સ્ટેશન વગેરેમાં ઉપલબ્ધ કરાવશે.
- ♣ સદર જાણકારી દૂરદર્શન, આકાશવાણી રેડીઓ ધ્વારા ફેલાવવામાં આવશે.
- ♣ બધા રાજય કાનૂની સેવા સત્તા મંડળ શિક્ષણ સંસ્થાઓ, રાજય આયોગ કે જે બાળકોના અધિકારોના રક્ષણ માટે કાર્યરત હોય તથા અન્ય બિન સરકારી સંસ્થાઓ વગેરેના સહયોગથી બાળ અધિકારો તથા તેમના સંરક્ષણ માટે લોકોમાં જાગૃતિ ફેલાવશે.
- ♣ સ્કૂલ તથા કોલેજના છાત્રોમાં બાળ અધિકારો માટે જાગૃતિ ફેલાવવાના આશયથી નિબંધ હરિફાઈ, શેરી નાટક હરિફાઈ, પોસ્ટર બનાવવાની હરિફાઈ, ચિત્રકળા હરિફાઈ અને વાદ–વિવાદ હરિફાઈનું આયોજન કરશે.
- ♣ પી.એલ.વી.ને બાળકો માટેના પોસ્ટર વિતરણ અભિયાનમાં સહભાગી બનાવાશે.
- ♣ દરેક બાળકને કાનૂની મદદની જાણકારી કરવા ઉપરાંત કાનૂની સશકિતકરણ માટે સહયોગ કરવા તથા કાનૂની સેવા આપનારા સાથે અસરકારક સંબંધ બનાવવા પ્રજા અને ખાનગી સંસ્થાઓ સુધી પહોંચવુ અને તેમને જોડવું મહત્વપૂર્ણ છે.
- ♣ દૂર ગામડામાં રહેતા બાળકો સુધી કાનૂની સેવા પહોંચવી અસંભવ લાગે છે જે વિઘ્નને દૂર કરવા કાનૂની સેવા સત્તા મંડળ તેવી જગ્યાએ કાનૂની સેવા આપવા માટે મોબાઈલ ક્લિનિકનો ઉપયોગ કરશે અને વન સ્ટોપ સેન્ટર પ્રોગ્રામ યોજશે.
- ♣ બચપન બચાવો આંદોલન વિરુધ્ધ ભારત સરકારના નિર્દેશો મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પ્રારંભિક તપાસમાં મદદરૂપ થવા માટે, સલાહ આપવા અને બાળકો અને તેમના પરિવાર વચ્ચે કડીરૂપ કામ કરવા માટે દરેક પો.સ્ટે.માં પી.એલ.વી.ની નિયુકિત કરી તેમની સેવાઓ લેશે.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ રાજય સરકાર સાથે ચર્ચા કરશે જેથી બધી શાળાના પાઠયક્રમમાં બાળ અધિકારોને સામેલ કરી બાળકોને તેમના અધિકારોની જાણ કરી શકાય.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ ક્રિ.પ્રો.કો.ક.૩૫૭ ની જોગવાઈ અને રાજયની કોઈપણ પીડિત વળતર યોજનાની જોગવાઈની જાણકારીનો પ્રચાર–પ્રસાર કરશે જેથી બાળકોને ઝડપી વળતર ઉપલબ્ધ થઈ શકે.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ કાનૂની સેવાઓ માટેની ડિરેકટરી તૈયાર કરશે જે બધા સ્ટેક હોલ્ડર્સને ઉપલબ્ધ કરાવશે.
- ♣ એસ.એલ.એસ.એ. બાળકોના શિક્ષાના અધિકારો સહિત વાલીઓ ધ્વારા બાળકોને શાળા મોકલવાની મૂળભૂત ફરજોના વિષયમાં કાનૂની જાગૃતિ અભિયાન ચલાવશે.
- ♣ બાળકો માટે બિન માળખાગત સેવાઓ જેવી કે, દત્તક લેવા, આર્થિક સંરક્ષણ અને પાલનપોષણ વગેરેની ઉપલબ્ધતા અંગે જાગૃતિ ફેલાવવાની જરૂરી કાર્યવાહી કરશે.
- ♣ રાજય કાનૂની સેવા સત્તા મંડળ વિશ્વસનીય એન.જી.ઓ. કે જે બાળકોની દેખભાળ અને સંરક્ષણની સેવામાં કાર્યરત છે તેવી સંસ્થાઓને અધિકારિક માન્યતા આપવા પ્રયત્ન કરશે.
- ♣ બાળ શ્રમની સમસ્યા નાબૂદ કરવા અને બંધારણના આદેશના અમલીકરણ માટે નામદાર સુપ્રિમ કોર્ટે એમ.સી.મહેતા વિરુધ્ધ તામિલનાડુ રાજય (૧૯૯૬) ૬ એસ.સી.સી.૭૫૬ માં જરૂરી નિર્દેશો આપેલા છે. જે નિર્દેશોમાં એક મહત્વપૂર્ણ નિર્દેશ મુજબ માલિકને બાળ શ્રમ (નિષેધ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૬ ની જોગવાઈ મુજબ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ખતરનાક કાર્યમાં લગાવવા માટે રૂા.૨૦,૦૦૦/– નું વળતર તથા સમુચિત સરકારને એવા દરેક બાળક જે ખતરનાક કામ કરે છે તેને રૂા.૫૦૦૦/– અનુદાનના રૂપમાં આપવાનો નિર્દેશ આપેલ છે. ઉપરોક્ત કથિત રકમ રૂા.૨૫,૦૦૦/– ને બાળશ્રમ, પુનર્વસન સહ કલ્યાણ કોષના નામથી ઓળખાતા ફંડમાં જમા કરાવવાના રહેશે અને તેવા કોષમાંથી જે ઉપજ થાય તે બાળકોના પુનર્વસન માટે ઉપયોગમાં લેવાશે. કાનૂની સેવા સત્તા મંડળ, પોલીસ, શ્રમ વિભાગ અને અન્ય સંબંધિત સત્તા મંડળો સાથે ઉપરોક્ત નિર્દેશોના પાલનની આગળની કાર્યવાહી માટે સંકલન કરશે.

# ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ

# અમદાવાદ

# નાલસા

# (બાળકો માટે મૈત્રિપૂર્ણ કાનૂની સેવાઓ અને તેઓના સંરક્ષણ માટે કાનૂની સેવાઓ) યોજના, ૨૦૧૫ – સંક્ષિપ્ત આલેખન

## કેવળ જન જાગૃતિ અર્થે

- આ યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની જાણકારી અથવા મદદ માટે સંબંધિત વિભાગના સક્ષમ પદાધિકારી અથવા ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તા મંડળ, અમદાવાદનો સંપર્ક કરવો.

  (ટેલીફોન-ફેક્સ નં. ૦૭૯-૨૭૬૬૪૯૬૪, ૨૭૬૬૫૨૯૬)

  તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦

  (Website:http://gujarathighcourt.nic.in/gslsa/index.asp)

  (email: msguj.lsa@nic.in)

  (જિલ્લા સ્તર પર સંબંધિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને તાલુકા કાનૂની સેવા સમિતિ) નો સંપર્ક કરી શકાય છે.
- સૂચના-સહ સામગ્રી કેવળ જન જાગૃતિ અર્થે છે. (કોઈ પણ પ્રકારનો દાવો કરતા પૂર્વે મૂળ સ્કીમ જોવી.)

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

## યોજના શા માટે :–

દિલ્હીમાં ૧૬ વર્ષનો બાળક X મોબાઈલ ફોન ચોરીનો આરોપી છે. મુંબઈમાં ૧૨ વર્ષનો બાળક Y યૌન દુર્વ્યવહારથી પીડિત છે. કલકત્તામાં Z ના માતા પિતા તેમની બાળકની કસ્ટડી માટે સંઘર્ષ કરી રહયા છે. ચેન્નઈમાં ૧૩ વર્ષનું બાળક S કે જેને ફેકટરીમાંથી છોડાવવામાં આવેલ છે તે તસ્કરીનો શિકાર છે. દરેક દિવસે બાળક આ પ્રકારે ન્યાય પ્રણાલીના સંપર્કમાં આવે છે, જયાં ઔપચારિક અને અનૌપચારિક ન્યાય પ્રદાતા નિર્ણય આપે છે જે બાળકના ભવિષ્યને પ્રભાવિત કરવાની ક્ષમતા રાખે છે. આ બાળકો જયારે કાયદાના સંપર્કમાં આવે છે ત્યારે તેમના કયા અધિકાર છે ? શું તેઓ કોઈપણ પ્રકારની કાનૂની મદદના હકદાર છે ? જો તેમ હોય તો કાનૂની સેવાઓ તેઓને કેવી રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને બાળકની આવશ્યકતાની પરિસ્થિતિમાં શું બાળકો સુધી તે પહોંચી શકશે ? જયાં સુધી તર્કગત અને આર્થિક રીતે આટલા અવરોધો છે ત્યારે કેવી રીતે કાનૂની સેવાઓ 'બાળ સુગમ' બનાવવામાં આવશે ? કેવી રીતે 'બાળ સુગમ' ન્યાયની પરિકલ્પના અનૌપચારિક ન્યાય વ્યવસ્થામાં પોતાની ભૂમિકા અદા કરે છે? આ યોજનાનો હેતુ આ સમસ્યાઓના નિરાકરણ માટે એક પરિકલ્પિત અને કાર્યશીલ પધ્ધતિનું સૂચન કરવાનો છે જેનું અંતિમ ધ્યેય 'જમીની સ્તર' પર બાળકોને સાર્થક, પ્રભાવી, ઉપયોગી અને ઉંમર મુજબ કાનૂની મદદ પુરી પાડવાનો છે.

## પરિયોજનાના મુખ્ય ઉદેશ છે :–

- બાળકો સુધી પહોંચાડવા માટે મૂળભૂત અધિકારો અને લાભોની રૂપરેખા બનાવવી
- બાળકોની દેખભાળ, સંરક્ષણ અને દરેક સ્તર પર બાળકોના કાનૂની પ્રશ્નો માટે કાનૂની પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવું.
- કાનૂની સેવાઓ, સંસ્થાગત દેખભાળ, કાઉન્સેલીંગ અને સહયોગ સેવાઓને રાષ્ટ્રીય, રાજય, જિલ્લા અને તાલુકાના સ્તર સુધી સુદૃઢ કરવી.
- કિશોર ન્યાય પ્રણાલીમાં એવું વાતાવરણ તૈયાર કરવું જેમાં બાળકોને મહત્વ આપવામાં આવે, તેમને પ્રોત્સાહિત કરવામાં આવે, તેમને માન્યતા આપવામાં આવે અને તેમના અધિકારોનું સમ્માન થાય તથા તેમની સાથે વ્યકિતગત વ્યવહાર કરવામાં આવે.
- દરેક સ્તર પર ક્ષમતાઓની વૃધ્ધિ માટે પી.એલ.વી., પેનલ વકીલશ્રી, કાઉન્સેલર્સ, સેવા પ્રદાતા, બિનસરકારી સંગઠન, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, પોલીસ, ન્યાય વિભાગ અને રાજય સરકારશ્રીના અન્ય સબંધિત વિભાગ જવાબદારી લેશે જેથી તે બાળકોના મિત્રની જેમ કાનૂની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકે.
- એ સુનિશ્ચિત કરવાનું છે કે જરૂરી સત્તા મંડળો અને સંસ્થાઓ જેમ કે કિશોર ન્યાય પરિષદો(જે.જે.બી.), બાળ કલ્યાણ સમિતિઓ(સી.ડબલ્યુ.સી.), અન્ય કલ્યાણકારી સમિતિઓ, ઓબ્ઝર્વેશન તથા આશ્રયગૃહ, મનોચિકિત્સક હોસ્પિટલ અથવા નર્સીંગ હોમ, આયોગો, પરિષદો, પ્રોબેશન ઓફિસરશ્રીના કાર્યાલય વગેરે જુદા જુદા બાળ મિત્ર કાનૂન અંતર્ગત સ્થાપિત થાય.
- બાળકોના હકક અને સુરક્ષા માટે ઉપલબ્ધ વર્તમાન કેન્દ્રીય તથા રાજય પરિયોજનાઓ, નીતિઓ, વિનિમય, એસ.ઓ.પી., પોલીસ નિર્દેશો, સંમેલનો, નિયમો, ઘોષણાઓ, ટીપ્પણીઓ અને રીપોર્ટો વગેરે આંકડાઓને એકત્રિત કરવા.
- બાળ અધિકારો અને તેમની સુરક્ષા માટે ઉપલબ્ધ બાળ સુરક્ષા સેવાઓ, પરિયોજનાઓ અને દરેક સ્તર પરના માળખા વિશે વિશાળ પાયા પર પ્રજાને શિક્ષિત કરવા માટે બધા હિતધારકો અર્થાત પી.એલ.વી., કિશોર ન્યાય પરિષદના સભ્યો અને બાળ કલ્યાણ સમિતિ, કલ્યાણ અધિકારીઓ, પોલીસ, સરકારી વકીલશ્રીઓ, ન્યાયિક અધિકારીઓ, જુદા જુદા ઘરોની દેખરેખ રાખનારાઓ, શૈક્ષણિક અને ચિકિત્સક સંસ્થાઓ વગેરે માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવું.
- સિનિયર પોલીસ અધિકારીઓ, એસ.જે.પી.યુ., જે.ડબલ્યુ.ઓ., પેનલ વકીલશ્રીઓ, પી.એલ.વી., કિશોર ન્યાય પરિષદના સભ્યો, કલ્યાણ અધિકારીઓ, સલાહકારો, પ્રોબેશન ઓફિસર્સ, સરકારી વકીલશ્રીઓ, ન્યાયિક અધિકારીશ્રીઓ, જુદા જુદા ઘરોમાં દેખરેખ રાખનારાઓ માટે કૌશલ વિકાસ તથા તેમનામાં જવાબદારીની અનુભૂતિ કરાવવા પ્રશિક્ષણ કાર્યક્રમ અને સંવેદનાત્મક કાર્યક્રમોનું આયોજન તથા વ્યવસ્થા કરવી.
- કાનૂની તથા બાળ અધિકારો અને સંબંધિત ક્ષેત્રના વિષયમાં સંમેલનો, વાર્તાલાપ, કાર્યશાળાઓ અને સભાઓનું આયોજન કરવું.
- બધી સરકારી સંસ્થાઓ અથવા પદાધિકારીઓ, સંસ્થાઓ, પ્રાધિકરણો, બિન સરકારી સંગઠનો અને અન્ય સંબંધિત સંગઠનો અથવા જેમને બાળ અધિકારો સંબંધિત જવાબદારી સોંપવામાં આવેલ છે તેમની વચ્ચે પ્રભાવી સમન્વય અને સંપર્ક વિકસિત કરવો.
- વિભિન્ન પરિયોજનાઓ, કાયદાઓ વગેરેનો અભ્યાસ કરીને રીસર્ચ કરવું અને સિસ્ટમમાં રહેલ ખામી શોધીને સત્તામંડળોને અભિપ્રાય આપવા.

## કાનૂની સેવા સંસ્થાઓએ દરેક સ્તરે ધ્યાન રાખવાલાયક મુખ્ય સિધ્ધાંતોઃ–

### બાળકનું સર્વોત્તમ હિત :–

દરેક એવા બાળક જેને દેખભાળ અને સંરક્ષણની જરૂરીયાત છે તથા જે કાયદા સાથે સંઘર્ષમાં આવેલ છે તેમના અધિકાર છે કે કાનૂની સેવાઓ આપતા સમયે તેમના અધિકારોને સર્વોત્તમ મહત્વ આપવામાં આવે.

### બાળ કલ્યાણ :–

અન્ય બધી વાતો છતાં બાળ કલ્યાણ હંમેશા સર્વપ્રથમ હશે. બાળ કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે ત્વરિત હસ્તક્ષેપ તથા સહાયતા ઉપલબ્ધ થવી જોઈએ.

### સમ્માનનો અધિકાર :–

દરેક બાળકનો એ અધિકાર છે કે તેમની સાથે સમ્માન અને દયા તથા કરુણાસભર વ્યવહાર થાય અને તેમને સમ્માન તથા સુરક્ષા પ્રદાન કરવામાં આવે.

### સમાનતા અને પક્ષપાત થાય નહિ તે માટેનો અધિકાર :–

બાળકની જાતિ, વંશ, ધર્મ, વિશ્વાસ, આયુ, પરિવાર સ્તર, સંસ્કૃતિ, ભાષા, તથા અન્ય અશકતતાઓ જો કોઈ હોય અથવા જન્મ સ્થાન વગેરેને ધ્યાનમાં રાખ્યા વિના દરેક બાળકની સાથે કોઈપણ પ્રકારે પક્ષપાતપૂર્ણ વ્યવહાર નહિ કરવામાં આવે.

### સુનાવણીના અધિકારનો સિધ્ધાંત :–

દરેક બાળકને તેની વિરુધ્ધની બાબતો જાણવાનો, સાંભળવાનો તથા પોતાના વિચાર અને ચિંતાઓને પૂર્ણરૂપે સ્વતંત્રતા સાથે વ્યકત કરવાનો અધિકાર છે.

### ગોપનીયતાનો સિધ્ધાંત :–

કોઈપણ બાળકની ગુપ્ત બાબતો કાનૂની સેવા સંસ્થાઓના દરેક સ્તર પર સુરક્ષિત કરવામાં આવશે.

## યોજનાના ઉદેશ પ્રાપ્તિ હેતુ કાર્ય યોજના :–

- રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે દરેક જિલ્લામાં બાળ ન્યાય પરિષદીય (જે.જે.બી.) ન્યાયાલયથી અલગ રીતે સ્થપાય અને જયાં આવી કોઈ પરિષદ સ્થપાયેલ ન હોય ત્યાં રાજય કાનૂની સેવા સત્તા મંડળ તેને અતિ આવશ્યક આધાર પર રાજય સરકાર સુધી લઈ જશે જેથી બાળ ન્યાય પરિષદ દરેક જિલ્લામાં સ્થપાઈ શકે.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે દરેક જિલ્લામાં બાળ કલ્યાણસમિતિઓ સ્થપાય તથા જયાં એવી સમિતિઓ રચાઈ નથી ત્યાં રાજય કાનૂની સેવા સત્તા મંડળ આ બાબતે સત્વરે રાજય સરકારનું ધ્યાન દોરશે જેથી દરેક જિલ્લામાં સમિતિની રચના થઈ શકે.
- કિશોર ન્યાય અધિનિયમમાં એવી જોગવાઈ છે કે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો સાથે વ્યવહાર કરવા માટે વિશેષ કિશોર પોલીસ એજન્સીની રચના કરવામાં આવે. દરેક પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા એક પોલીસ અધિકારી જેને વિશેષ રીતે નિર્દેશ તથા પ્રશિક્ષણ આપવામાં આવેલ છે, તે કિશોર/બાળ કલ્યાણ અધિકારી તરીકે નિયુકત થયેલ હોય અને તે કિશોરો સાથે વ્યવહાર કરશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે આ પ્રકારની વિશેષ કિશોર પોલીસ એજન્સીઓની સ્થાપના થાય.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે નિયુકત થયેલ કિશોર કલ્યાણ અધિકારીઓ તથા રાજય કિશોર પોલીસ એજન્સીઓના સભ્યોના નામો તથા સંપર્ક અંગેની યાદી રાજયના દરેક પો.સ્ટે.માં દર્શાવવામાં આવે.
- કિશોર ન્યાય અધિનિયમની કલમ ૬૨ (એ) અંતર્ગત રાજય સરકાર રાજય માટે એક બાળ સુરક્ષા એજન્સીની રચના કરશે જે દરેક જિલ્લા માટે સંરક્ષણ અથવા દેખભાળની જરૂરીયાત માટે બાળકો સંબંધિત મામલા દરેક જિલ્લામાં જોશે. રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે આવી બાળ સુરક્ષા એજન્સીની સ્થાપના કરવામાં આવે.

## ઓબ્ઝર્વેશન અને આશ્રય ગૃહ(શેલ્ટર હોમ) :–

- રાજય કાનૂની સેવા સત્તા મંડળ, રાજય સરકાર અથવા સ્વયંસેવી સંસ્થાઓ ધ્વારા જે કિશોર ઘર, આશ્રય ગૃહ અને ઓબ્ઝર્વેશન હોમ રાજયમાં કાયદાના સંઘર્ષમાં આવનાર કિશોરોની દેખભાળ અને સુરક્ષા માટે ચલાવવામાં આવી રહયા છે તેનો રેકોર્ડ અપડેટસ કરતા રહેશે.
- જો કોઈ દેખભાળ અને સુરક્ષાની જરૂરતમંદ બાળકો માટે કામ કરતી સંસ્થાઓ રજીસ્ટર્ડ ન હોય તો તે બંધ કરી દેવામાં આવશે અથવા રાજય સરકાર ધ્વારા લઈ લેવામાં આવશે. આ સંદર્ભમાં રાજય કાનૂની સેવા સત્તા મંડળ રાજય સરકાર સુધી આ બાબતને લઈ જશે જેથી અનરજીસ્ટર્ડ સંસ્થાના વિષયમાં જરૂરી કાર્ય કરી શકાય.
- રાજય કાનૂની સેવા સત્તા મંડળ એ સુનિશ્ચિત કરશે કે રાજય સરકાર ધ્વારા પંજીકૃત ઓબ્ઝર્વેશન હોમ, આશ્રય ગૃહ અને કિશોર સારસંભાળ ગૃહ પુરતી સંખ્યામાં ઉપલબ્ધ હોય જેથી કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો તથા સારસંભાળ અને સુરક્ષાની જરૂરીયાતવાળા બાળકોને તેમાં રાખી શકાય.
- દરેક રાજય કાનૂની સેવા સત્તા મંડળ 'ઓબ્ઝર્વેશન અને કિશોર ગૃહ સમિતિ' ની રચના કરશે. રાજયના દરેક જિલ્લાના પૂર્ણ સમયના સચિવ અધ્યક્ષના રૂપમાં હશે તથા એક પેનલ વકીલશ્રી અને પ્રોબેશન ઓફિસર સભ્યના રૂપમાં હશે. રચાયેલ સમિતિ, જિલ્લામાં સ્થિત આ પ્રકારના દરેક ગૃહમાં માસમાં ઓછામાં ઓછા એક વાર મુલાકાતનું ટાઈમટેબલ બનાવશે.
- મુખ્ય રૂપે સમિતિનું કાર્ય એ જોવાનું છે કે ઓબ્ઝર્વેશન હોમ, વિશેષ ગૃહ અને કિશોર ગૃહમાં મિત્રતાપૂર્ણ વાતાવરણ રહે અને આવા ગૃહમાં જેલ અથવા લોકઅપ જેવું ના જણાય અને તેમાં વધુ સારી સુવિધા ઉપલબ્ધ બને, જેમાં સ્વચ્છતા અને સફાઈ, કપડા અને પથારી, ભોજન અને આહાર, ચિકિત્સા અને માનસિક સ્વાસ્થ્યની દેખભાળ,સ્થાનિક પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રની સાથે સમન્વય અને સ્વાસ્થ્ય સંબંધી રેકોર્ડના સંગ્રહ વગરેનો સમાવેશ થાય છે. જો સમિતિ ધ્વારા કોઈ ઉણપ જણાઈ આવે છે તો રાજય કાનૂની સેવા સત્તા મંડળ જરૂરી